મરહુમ નેક નામદાર હીંદી ઊમરાવ સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટ સી. એસ. આઈ. ની જીંદગીનો ટુક હેવાલ

અને

હીંદુસથાંનનાં માહ ધરમીનું વરણન

સઘલા સાહેબોને જાંણવા કીજે

મુંબઈ મધે,

બજારગેટ સ્ટ્રીટ નંબર ૫૭ માં વાળાં ઘેરમાં
પ્રીંટરસ પ્રેસમાં કુરાંમજી બરશેદજીએ
છાપ્યું છે.

સને ૧૨૯૪ ઇઅજદેજરી—સને ૧૮૭૭ ઇસવી.

મરહુમ નેક નામદાર હીંદી ઉમરાવ
સર જમસેદજી જીજીભાઈ બીજા
બારોનેટ સી. એસ. આઈ.

જણાવવાને બેહદ સંતાપ અને દલગીરી ઉપજેછે કે જરથોસતી ટોલાના સરતાજ તથા આગેવન સેઠ નામદાર સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટ સી. એસ. આઈ. રોજ ૨૫ મો અરસેસંગ, માહા ૧૦ મો દએ સેહેનશાહી સને ૧૨૪૬ ઈઅજદેજરદી, સંવત ૧૯૩૩ ના અખાડ શુદ ૧) ને વાર બુધે, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૭૭ ઈસવીને દને ચહડતા પોહોરના ૧૧) કલાકને સુમારે શ્રી પુણા મધે આ ફાની દુનીઆથી અસબાબ ઉઠાવી મીનોઈ જીહાનમાં વાસો કરીઓછે. મરહુમ નામદાર હીંદી ઉમરાવ સર જમસેદજીએ જીંદગીના આખેરી સુધી પોતાનો મોભો, ઈજત અને દબદબો જાલવી હમદીન ભાઈઓના લાભનાં તથા કલીઆનનાં કામો બજાવીઆંચ, જેથી આવા એક નામીચા નરના શોગ ભરીઆં મરણથી જરથોસતી ટોલાને જે ગમખારી ઉપજીચ તે ઉતાવલે વીસરાવી મુસકેલછે, તથા એ ટોલાને માથે પરકાસતો ઝલકતો સીતારો જે મગરેબમાં છુપાયોચ તે પાછો તેવાજ તેજથી

સીતાબ તણુ થાવો કઠણ છે. મરહુમ સર જમસેદજી, યુરોપીઅનો વચ્ચે મોટો લાગવગ ધરાવતા હતા, જે લાગવગનો આસરો પારસી મંડલીને રાજકરતાઓ તરફથી મલતો હતો, તથા જેઆરેબી રાજકરતી પરજા તરફના આસરાની અગત આ મંડલીને પડતી તો તેઓ મરહુમ સર જમસેદજી તરફ આતુર અને હોંસ ભરેલી નજરથી જોતા હતા. માટે આવા નામીચા નરના મરણથી જરથોસતી ટોલો પોતાનો આગેવાન સરદાર ખોહી બેઠોચ, જે જગીઆ ઉતાવલે અને સેહેલાઇથી પુરાવી મુસકેલછે. સર જમસેદજીએ વગર ધાંધલ તથા પોંગાટ કરવે નેકનામી અને જસ ભરીઆં કામો બજાવીઆંચ અને તેથી જરથોસતી ટોલાને જે આસરો મલીઓચ, તેની યાદગારી એ ટોલાનાં જીગરમાં સદા રોશન રેહેવાની તથા આ ઉમરાવ સરદારની ખુટનો અફસોસ હરદમ કરવો પડવાનો. મરહુમ નામદાર હીંદી ઉમરાવ સર જમસેદજીએ પોતીકી અમીરી ખવાસથી, જાતી સદગુનથી અને મીલનસારીથી દેશ પરદેશ એટલીતો બોહોલી ઓલખાન પીછાંણ વધારી હતી તથા કીરતાનો ઉમેરો કરીઓ હતો, કે આજ સરવે ગણીઆતના લોકો તેવણની તારીફ ગાએછે તથા તેવણના ક વખતનાં મરણથી આખી પરજા શોકાતુર થાએછે.

નામદાર હીંદી ઉમરાવ સર જમસેદજી જીજીભાઇ બીજા બારોનેટ સી. એસ. આઇ. નો જનમ તા૦ ૯ મી અકટોબર ઇ૦ સન ૧૮૧૧ માં શેખ અબદુલ રેહેમન ઇસટરીટ જે બાટલીવાલાના મોહોલાને નામે ઓલખાએ છે

તે મધે બાંધેલા એસ્નાહીબાગની સાંમે સર જમસેદજીના અસલ મુકામમાં થાયો હતો, જેથી એવણ ૬૬) વરસની ઉમરે જીનતગુજીન થાએલા જણાએછે. સર જમસેદજી જીજીભાઈ પેહેલા બારોનેટે કરેલી પાહાદશાહી સખાવતોથી, આ હીંદી ઉમરાવના ખાનદાનનું નામ હીંદુસથાન, ઈંગલાંડ, ચીન અને બીજા મુલકોમાં મહશુર થાયું છે. પરદેસમાં જાંહાં પારસીઓને કોઈ પીછાણતું નથી તીઆં "સર જમસેદજી જીજીભાઈની ગણીઆત વાલા" એવી ઓલખ આપી હોએતો તેઓ આ નામવર ઉમરાવના પરખીઆત નામ ઉપરથી તેઓને તુરત પીછાણે છે. આ નામીચા ખાનદાને કેવી ગરીબી અવસથામાંથી સર બુલંદીએ વધારીઊચ તથા ચોખુંદ ભાગમાં કીરતાનો ફેલાવો કરીઓચ તેનો ટુંક અને જાણવાજોગ હેવાલ હેઠલ મુજબ આપીઓછે.

નામદાર હીંદી ઊમરાવ સર જમસેદજી જીજીભાઈ પેહેલા બારોનેટના બપાવા ચાનજીભાઈ રતનજી વાછા, ગરીબી અવસથામાં નવસારી કસબા અંદર વસતા હતા. તેવણના છોકરા જીજીભાઈ જેવણ પણ તેવીજ મુફલેસીમાં હતા, તેવણ પોતાના ગુજરાનસર કાંઈક ધંધો કરવાને મુંબઈ આવીઆ અને મુંબઈમાં ૯૦ સન ૧૭૮૩ માં રોશન તાલેના પુતરનો જનમ આપીઓ, કે જેવને રોશન એકબાલને જોરે થોડા વરસના દરમીઆનમાં મોટી નાંમદારી હાંસલ કરી પોતાના ખાનદાનનું શીર બુલંદીએ પુગાડીઊ તથા નીયાગાંનોના નામને જેબ આપી. જમસેદજીના સસરા ખાલી બાટલીઓ વેચવાની નાંધલી સરખી દુકાન

માંડતા હતા તે દુકાને જમસેદજીને આદરીઆએ રાખીઆ અને એ ઉપરથી આ નામીચા નરનું ખાનદાન "બાટલી વાલા ફેમેલી" ને નામથી મહસુર થાયુંછે. સને ૧૭૯૯ માં જમસેદજીએ ચીનની પેહેલી સફર કરી અને જાતી ચંચલાઈ, બાહાદરી તથા વેપાર વનજમાં લાંબી સમજ વાપડી પાહાદશાહી દોલત જમાવ કરી, અને તે દોલતમાંથી હાતમ દીલે સખાવતનો ઝરો વેહેતો કરીઓ. જમસેદજીએ ચીન ખાતે બધી મલી પાંચ સફરો કરી જે માંહેલી છેલી સફર ઈ૦ સન ૧૮૦૭ માં થાઈ હતી. આ સફરોમાં જ-મશેદજી ઉપર અનેક પરકારની હોનારતો ગુજરેલી જોવા-માં આવેછે. તરીજી સફર કરી જમસેદજી આડમોરલ નેથેનાઅલ દાશન વાલા "ઈરાટ ઈનડીઆમેન" નામની ઈંગરેજી મનવારમાં મુંબઈ આવતા હતા, એવામાં બંગા-લના અખાત અંદર એક ફરેંચ વાવટાવાલા બારકસ સાથ આ મનવારને લડાઈ કરવી પડી, જેમાં ઈંગરેજો ફાવીઆ હતા, પણ આ વખત જમસેદજી ઉપર બીજી આફત ગુ-જરી હતી. ઈ૦ સન ૧૮૦૩ માં મુંબઈ અંદર મોટી આગ લાગી હતી અને કોટનો નજદીક પોણો ભાગ બલી ભ-શમ થયો હતો તેમાં જમસેદજીની મીલકતનો મોટો ભાગ નાશ પામીઓ હતો. જમસેદજી તરીજી સફરે ચીનથી મુંબઈ આવીઆ તે વેલા તેવણને આ નુકસાનીની ખબર પડી હતી. તરીજી સફર થાને ઈ૦ સન ૧૮૦૭ માં કરે-લી પાંચમી યાને છેલી સફરમાં જમસેદજી ઉપર મોટી હોનારત ગુજરેલી જોવામાં આવેછે. જે બારકસમાં જ-

મસેદજી મુંબઈ આવતા હતા તે બારકસ ફરેંચ વાવટાવાલી બે મનવારોના પંજામાં સપડાયું, જેથી ફકત અંગ વસતર સીવાએ જે કાંઈ વીત અને સામાન જમસેદજી પાસ હતો તે લુટી લીધામા આવીઓ એટલુજ નહી પણ બીજા આસામીઓ સાથ ફરેંચ લોકો, જમસેદજીને કેપ આફ ગુડ હોપ ખાતે બંધવા તરીકે પકડી લેઈ ગીઆ અને આ છેલા મહકે તદન નીરઆધાર તથા નાચાર હાલતે જમસેદજીને છોડી મેલીઆ. આ પરમાણે જમસેદજી પાસ અંગ વસતર સીવાએ એક પઈબી નહી રહી, કે જેમાંથી તેવણ તદન અનજાણા મુલકમાંથી પોતાનો છુટકારો કરી સકે. એ સમે કેપ આફ ગુડ હોપ, ડચ સરકારના તાબામાં હતું અને તીઆંની કેટલીક ડચ લેડીઓએ જમસેદજીની નાચાર હાલત ઉપર દયા બતલાવી તથા તેઓ માહેલી કેટલીક લેડીઓ એક બારકસમાં કલકતે જનાર હતી, તેઓએ જમસેદજીને પોતા સાથ લેઈ જવાને કબુલ કરીઉં. આ ઉપરાંત તે મહકના ઇંગરેજી કાનસલ પાસ મદદ માંગીઆમાં આવી, જેણે થોડાંક કપડાં સાથ વીસ ડાલરની રકમ જમસેદજીને આપી. આ મુજબની હોનારત ભોગવી જમસેદજી મુંબઈ આવીઆ હતા. જમસેદજીના પકડાઈ જવાથી તથા લાંબી મુદત સુધી તેવણનો કસો પતો ન લાગવાથી તેવણની આસા મેલાઆમાં આવી હતી, પણ તેવણ અચબુચ મુંબઈ આવી ઉભાથી, તેવણના કુટુંબમાં તથા દોસત આસનાવોમાં મોટી ખુશાલી પથરાઈ હતી. જમસેદજીના કીસમતમાં આટલીજ હોનારત જોવી પડી હતી નહી, પણ

એક સફર વેલા જે બારકસમાં જમસેદજી મુંબઈ આવતા હતા તે બારકસના સુમાતરાના કોસટ્રા તરફ ભાગવાથી, સંગલો માલ પડતો નાખી બીજા ઉતારૂઓ સમેત જમસેદજીને એક મછવામાં ઉતરી પડવાની ફરજ પડી હતી. આ વખત જમસેદજી પાસ મોટી રકમના મોતીઓ હતાં, જેનો બચાવ તેવણના વીસવાસુ પારસી નોકર નામે હોરમજજી બરજીએ પોતાના જાનના જોખમે કરીઓ હતો. આવી ઈમાનદારી અને વફાદારીના અવેજમાં જમસેદજીએ આ પારસી નોકરને તથા તેના કુટુંબને નવાજેસ કરવા ઉપરાંત, બે મજલાનું એક મુકામ બાંધી આપાવીઉંછે. પાંચ સફરમાં મોટી દોલત જમાવ કરવા બાદ જમસેદજીએ કલકતા, મધરાજ, સીઆમ, શીંગાપોર, મનીલા, ચીન અને યુરોપ સાથ બીજા સોદાગરો તેમાં મુખીઅ સવરગવાસી નામીચા સેઠીઆ મોતીશાહા અને મીઆં સાહેબ નાખોદા મહમદ અલી રોગેના પંતીઆલામાં બોહોલો વેપાર ચલાવવા માંડીઓ. ઈ૦ સન ૧૮૧૪ માં મી૦ જમસેદજી જીજીભાઈ, આઠ બારકસો નામે ગુડ સકસેસ, બેહેરામગોર, બોમબે કેસટલ, ચારલટ, ફોરટ વીલીઅમ, માર, એનોનોમા અને લાનરીકના માલેક તથા પંતીઆલા માલેક હતા. છેલાં જણાવેલાં તરણ બારકસોમાં મી૦ જમસેદજી અને તેવણના મીતરો મીસીઅરસ રીમીંગટનની કું૦ તથા ચીનવાલા મીસીઅરસ જારડીન માથીસનની કું૦ નો ભાગ હતો. મી૦ જમસેદજીની સોદાગરી એવી બોહોલી હતી કે આટલાં બારકસોથી તેવણના મોટા રોજગાર માટે

પુરતાં થાતાં હતાં નહી, જેથા તેવણુને બીજાં વાંહાણો નોલે માંડવાં પડતાં હતાં.

ઈ૦ સન ૧૮૨૩ માં મી૦ જમસેદજી જીજીભાઈ, પારસી પંચાએતમાં સાંમેલ થાયા અને હીંમત તથા બાહોસાથી એ મંડલીના એક વગવાલા અને ઉપીઓગી મેમબર થાઈ પડીઆ. મી૦ જમસેદજીએ પારસી મંડલીની આબાદીની બુજ હદે ધરી "પારસી પંચાએત ફંડ" એવે નામનું એક ફંડ સથાપીઊં, જે આજ તુલીગ કાએમ હસતીમા છે અને જેમાંથી ઘણાક નાચાર આસામીઓને છુપો આસરો મલેછે. આ નેકનામીનું કામ આરંભવા બાદ મી૦ જમસેદજીનું ધીઆન મુગાં અને પશુ જનાવરોની હાલત ઉપર ખેંચાયું અને તેવણે પોતાના હીંદુ મીતર સવરગવાસી મોતીશાહા સાથ મલી દુરબલ તથા દરદી જાનવરોનું પોસન કરવા માટે મુંબઈ અને બીજાં શેહેરોમાં પીંજરાંપોલો બંધાવી, જેઓનો વહીવટ સોલ વરસ સુધી પોતાને અસતક ચલાવીઆ પછી, જમાવ થાએલાં ફંડના ૩૪॥ લાખની રકમ સાથ હીંદુ મંડલીના સવાધીનમાં આપી. મુગાં પશુ જનાવરોના લાભ માટેનાં આ ખાતાંઓ હાલ આબાદ હાલતમાં ચાલે છે તથા તેના સથાપનારાઓનાં કીરતી ભરીઆં નામોને જેબ દીએ છે.

આ વખતથી મી૦ જમસેદજીની કીરતીનો અવાજો ચોમેર ફેલાવા માંડીઓ. મી૦ જમસેદજીએ હાતમ દીલીથી ઘણીક પાહાદશાહી સખાવતો કરી જેની કદર બુજી ઇંગરેજ સરકારે મી૦ જમસેદજીને નાઈટહુડનો માન ભરેલા

ખીતાબ આપીઓ. આ ખુસાલીની યાદગારીમાં સર જમસેદજીએ નાચાર પારસીઓને આસરો આપવા માટે ૩૪।। લાખની રકમ ઈસ્ટ ઈંડીઆ કંપનીના સવાધીનમાં આપી હતી. છ ટકાના વીઆજે આ રકમમાં વખત જતે એટલો મોટો વધારો થાયો કે પાછલથી એ ફંડના તરસટીઓએ, જરથોસ્તી ટોળાના ફરજંદોના લાભ માટે કેલવણી ખાતું સથાપવાનો ઠેરાવ કરીઓ. આ કેલવણી ખાતું હાલ "સર જમસેદજી જીજીભાઈ પારસી બેનેવોલંટ ઈનસટીટીઉસન" ને નામથી ઓલખાએછે. એને માટે નજદીક ૩૪ લાખની મોટી રકમનો ખરચ કરી હોરનબી રોમાં એક કુસાદે તથા સુંદર ગંજાવર મુકામ બાંધીઆમાં આવીઓછે. આ ઈમારતનો પાયો નાખવાની કીરીઆ ઈ૦ સન ૧૮૭૩ માં મુંબઈના માજી ગવરનર રાઈટ આનરેબલ સર સીમોર ફીટજગરલડે તથા તેને ખુલવાની કીરીઆ હીંદુસતાનના માજી વાઈસરાએ તથા ગવરનર જેનરલ લારડ નારથબરુકે કરી હતી. સર જમસેદજીની પાહાદશાહી સખાવતથી હાલ અગીઆર નીશાલો ચાલેછે અને તેમાં છેલલી ગણતરી મુજબ ૨૭૧૦ જરથોસતી છોકરા છોકરીઓ કેલવણી લીએછે.

હારનબી રો (કોટેકોટ) મધે સર જમસેદજીના કુટુંબને રેહેવા માટેની ઈમારતને બંધાયાને આજ ચાલીસ વરસ થાયાં છે, ઈ૦ સન ૧૮૨૨ માં સર જમસેદજીના વડા પુતર સેઠ ખરસેદજી જમસેદજી તે નામવર સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટ, કે જેઆણના દુખદાએક

મરણથી આખો પારસી ટોલો ગમખારીમાં પડીઓછે તે-વણની સીયાદી થાઇ હતી અને સઘલા જરથોસતીઓમાં ખુબ ખુસાલીની ગમઝની પંથરાઈ હતી. આ ધનવંત અને માનવંત પુતરની સીયાદીને રોજે, નાદાર દેવાદારો-ની તુરંગમાં પડેલા બંધવાઓનો છુટકારો, તેઓના માંગ-નારઓનો હક આપી સર જમસેદજીએ કરીઓ હતો. નામદાર સર જમસેદજીએ હાતમદીલીથી જે જાહેરાત સખાવતો કરીચ તેની મુખીઅ ટીપ હેઠલ મુજબ આપીછે.

બહમખારના જશન માટે (જેમાં મુંબઈ, ભરૂચ, ઉડવારા, ગનદેવી, બીલીમોરા, વલસાર અને પુણાની જરથોસતી અનજુમનને ચાસની કરવા ઈજન દીધામાં આવેછે)	રૂ ૧૭૫૦૦૦
મુંબઈમાં એક દોખમું બંધાવા પાછલ ખરચેલી રકમ..	રૂ ૧૧૬૫૦
જશન અને બીજી તીરથોએ પારસી અનજુમનના વપડાસ માટે બંધાવેલા અલાહીબાગ પાછલ ખરચેલી રકમ. ...	રૂ ૭૦૦૦૦
પુણાના રેહેવાસીઓને પાણી પોહોંચતું કરવા માટે મુલા મુતા પાણીનાં બાંધકામ પાછલ ખરચેલી રકમ	રૂ ૧૮૦૨૭૦
પુણામાં બંધાવેલાં આતસ આદરીઆન પાછલ ખરચેલી રકમ...	રૂ ૪૫૦૦૦
મેહેમનો પુલ બંધાવા પાછલ ખરચેલી રકમ.	રૂ ૧૫૫૮૦૦

સર જમસેદજી જીજીભાઈ હાસપીટાલ બાંધવા તથા તેને નીભાવવાને ખરચેલી રકમ.	રૂ૧૬૦૫૦૦
ગરાંટ મેડીકલ કાલેજ બાંધવા તથા તેને નીભાવવા માટે ખરચેલી રકમ. ...	રૂ ૩૦૦૦૦
કપટાન ટાંકની વીધવાના આસરા માટે આપેલી રકમ (આ રકમ કપટાન ટાંકને બાકી દેવી એવે નામે આપીઆમાં આવીછે).	રૂ ૭૦૦૦
મેહેમ નજદીક લેડી જમસેદજી રોડ નામનો રસતો બાંધવા પાછલ ખરચેલી રકમ.	રૂ ૨૨૦૦૦
આંધલાં, લુલાં અને નાતવાનો માટેના ડીસટરીકટ બેનેવોલેંટ ઇનસટીટીઉસનના આસરા માટે આપેલી રકમ... ...	રૂ૧૫૦૦૦૦
ગરાંટ મેડીકલ કાલેજમાં ઇનામો માટે આપેલી રકમ.	રૂ ૧૫૦૦૦
નવસારીના જરથોસતી અંજુમન માટે બંધાવી આપેલાં જાહેર મુકામ પાછલ ખરચેલી રકમ	રૂ ૨૦૦૦૦
નવસારીના આંધલા, લુલાને આસરો આપવાને ધરમ ખાતાં માટે આપેલી રકમ.	રૂ ૨૦૦૦૦
મુંબઈના પારસી બેનેવોલેંટ ફંડ માટે આપેલી રકમ..	રૂ૪૪૦૦૦૦
વડોદરાના પારસીઓ ઉપર નાખેલા છાપાની માફી કરવા માટે ગનપતરાવ ગાએકુવારને આપેલી રકમ	રૂ ૧૭૦૦૦

પાંજરાપોલની મદદ માટે આપેલા ભીઅઆ-ની રકમ.	રૂ ૩૦૦૦૦
સુરતના પારસીઓ માટેના ધરમ ખાતાંનાં ફંડમાં આપેલી રકમ	રૂ૧૨૫૦૦૦
નવસારી તથા ગુજરાત મધેના ધરમનાં ફં-ડોમાં તેમાં મુખીઅ કરી મોટી આગ-થી સુરતમાં નાચાર થાઈ પડેલાં આસા-મીઓના આસરા માટે આપેલી રકમ.	રૂ૨૫૦૦૦૦
જુદા જુદા કસબાઓમાં આતસ આદરી-આનો માટે આપેલી રકમ.	રૂ ૪૭૦૦૦
પાંજરાપોલોના આસરા માટે વારસીક બ-ખસેસ કરેલી રકમ.	રૂ ૭૩૦૦૦
નાચારીમાં આવી પડેલાં કુટંબોના આસરા માટે આપેલી રકમ.	રૂ ૪૪૦૦૦
ભાહેમલે બંધાવેલા તલાવ પાછલ ખરચે-લી રકમ...	રૂ ૨૩૦૦૦
ખનદાલે મુસાફરખાનું બાંધવાને ખરચેલી રકમ..	રૂ ૨૦૦૦૦
સર જમસેદજી જીજીભાઈ હુનરશાલા ની-ભાવવાને આપેલી રકમ.	રૂ૧૦૦૦૦૦
કુવા તથા પાણીના ફુવારા બાંધવા પાછલ ખરચેલી રકમ	રૂ ૧૫૦૦૦
સુરતની નજદીક બંધાવેલા પુલ ઉપર ખ-રચેલી રકમ...	રૂ ૭૩૦૦

એલફીનસટન કાલેજ પરોફેસર શીપ ફંડમાં આપેલી રકમ.	રૂ ૧૧૦૦૦
નવસારીના ધરમના ફંડ માટે આપેલી રકમ.	રૂ ૬૨૫૦૦
નવસારી ખાતે દોખમું બંધાવા પાછલ ખરચેલી રકમ..	રૂ ૮૬૦૦
નવસારીમાં જાહેર ઈમારત બાંધવાને આપેલી મદદની રકમ..	રૂ ૨૨૫૦૦
નવસારીમાં નીસાલ સથાપવા ખરચેલી રકમ.	રૂ ૧૨૦૦૦
નવસારીમાં દવાખાનું સથાપવાને ખરચેલી રકમ...	રૂ ૨૧૪૦૦
નવસારીમાં દવાખાનું નીભાવવાને આપેલી રકમ.	રૂ ૬૫૦૦૦
સકાચ તથા આઈરીશ ફેમીન ફંડોમાં આપેલી રકમ	રૂ ૧૦૦૦૦
ડીઉક આફ વેલીંગટન ફંડમાં આપેલી રકમ.	રૂ ૭૦૦૦
પેટ્રીઆટીક ફંડમાં આપેલી રકમ... ...	રૂ ૫૦૦૦
ઈરાણી જરથોસતીઓના આસરા માટે આપેલી રકમ.	રૂ ૨૫૦૦૦
પરચુરણ આપેલી રકમો.	રૂ૧૨૩૦૬૦
	રૂ૨૬૩૪૦૮૦

નામદાર હીંદી ઉમરાવ સર જમસેદજી જીજીભાઈ પેહેલા બારોનેટની આ હાતમ દીલની પાહાદશાહી સખાવત ઉપરાંત તેવણની ખાનગી સખાવતો એટલીતો છુપી હતી

કે તેવણુના પુતરો વહીક તે સખાવતોથી અનજાણ રેહેતા હતા. આ ઉપરાંત સર જમસેદજીએ પોતાના એસ કુટું-બીઓને તથા દોસત આસનાઓને એવા નવાજી નીહાલ કરીઆચ, કે તેઓ તથા તેઓના બાલ ગોપાલ સુખી રહી આ મરહુમ નામદારના હકમાં શુકરગુજારી કરેછે. આ મોહોટી સખાવતના અવેજમાં, ઇંગલાંડની નામવર માહ રાણીએ સર જમસેદજીને નાઇટનો ખેતાબ આપીઓ હતો. ઇ૦ સન ૧૮૪૨ ના મેએ મહીનાની તારીખ ૨૫ મીને દને પરેલ ખાતેના સરકારી મેહેલમાં એક મ-જલસ ભરાઈઆમાં આવી અને તે વખતના આકટીંગ ગવરનર આનરેબલ મી૦ આનડરશને મજલસની હજુર સર જમસેદજીને આ માનની સનદ આપી તથા તેવણની છાતીએ સુંનાનો ઝલે ભરીઓ ચાંદ લટકાવીઓ. એ દને મલેલા નાઇટહુડના ખીતાબની ખુસાલીમાં, સર જમ-સેદજીએ સરકારી મેહેલમાં યુરોપીઅનોને એક મોટી જીઆફત આપી હતી. જરથોસતીઓએ પોતાના સરદાર-ને મલેલા આ નામીચા માનની ખુસાલીની યાદગારીમાં "ટરાનસલેસન ફંડ" ઉભું કરીઊં, જે હાલ હસતીમાં ચાલુ છે. ઇ૦ સન ૧૮૫૫ ના એપરીલ મહીનાની તા૦૧૪ મી-ને દને લંડનની કામન કાઉનશીલ તરફથી સર જમસેદજીને "સીટી આફ લંડનના ફરીડમ" નું માન આપીઆમાં આવીઊંછ જે વેલા એ કાઉનસીલના પરમુખ આલડરમેન કેનેડી તથા તેના નાએબ મી૦ આનડરસન અને બીજા મેમબરોએ આ નામદાર ઉમરાવની તારીફમાં સુભાશીત

ભાશાણો કીધાં હતાં. નામદાર સર જમસેદજી જીજીભાઈ પેહેલા બારોનેટની હાતમતાઈની પાદશાહી સખાવતો તથા નેકનામીના કામોની યાદગારી પેહેડી દર પેહેડી સદા કાએમ રાખવાના હેતુથી, મુંબઈના યુરોપીઅન તથા દેસી રેહેવાસીઓની એક દબદબા ભરેલી જાહેર સભા ઈ૦ સન ૧૮૫૬ માં ટાઉન હાલ મધે મલી હતી, અને મુંબઈના નામદાર માજી ગવરનર લારડ એલફીનસટન સભાપતીની ખુરસીએ બીરાજીઆ હતા તથા તેણે સર જમસેદજીની કીરતી લંબાંન ભાશાણ કરી વખાણી હતી. આ સભામાં સરવેના અનુમતે સર જમસેદજીનું બાહાવલું બનાવવાનો ઠરાવ થયો, જે બાહાવલું ઈ૦ સન ૧૮૫૯ માં તઈઆર થઈ વિલાતથી આવીઆ પછે મુંબઈના ટાઉન હાલમાં આ નામીચા નરની સદાની યાદગારીની ઈંધાણી દાખલ ગોઠવીઆમાં આવીઉં છે. સર જમસેદજીની બોહોલી સખાવતનો અવેજ ફક્ત "નાઈટ" નો ખીતાબ આપીઆથી વલાઈ ચુકો હોએ એવું ન ધારીને, ઈંગલાંડની નામદાર રાણી અને હીંદુસથાનની બખતાવર સેહેનસાહાદીએ ઈ૦ સન ૧૮૫૭ માં સર જમસેદજીને "બારોનેટ" નો ખીતાબ બખશીઓ. આ નામીચો ખીતાબ પેહેડી દર પેહેડી સોભા, મરતબા અને ઈજતથી જલેવાએ એવા હેતુથી, નેક નામદાર સર જમસેદજીએ ૩૨૫) લાખની રકમ તથા "મજગામ કેસટલ" નામનો મેહેલ પોતાની ઓલાદમા બેરોનેટસીનો ખીતાબ ભોગવનારના વપરાસ માટે હેલાએદા રાખીઆછે.

માન, ઇજ્જત, મોભો અને મરતબો ભોગવી નામદાર હીંદી ઉમરાવ સર જમસેદજી જીજીભાઈ પેહેલા બારોનેટ પોતા પાછલ ડાવેજર લેડી આવાંબાઈ, તથા તરણ પુતરો અને એક પુતરી મેલી ઈ૦ સન ૧૮૫૯ માં હક થાયા. સર જમસેદજીની દોલતનો અગજો ૩૮૫૫૦૦૦૦ રૂપી-નો ગણાયો છે, જે મધેથી બારોનેટસીના નામીચા ખીતા-બની જાલવણી કરવાને પચાસ લાખ રૂપીઆની રકમ હેલાએદી રાખી બાકીની પાહાદશાહી દોલત પોતાના પુત-રો, પુતરી અને એઆવંદોને વેંહેંચી આપીઆમાં આવીછે.

નામદાર સર જમસેદજી જીજીભાઈ પેહેલા બારોનેટ-ની સખાવતના તથા જાહેરરાત કામોમાં મુખીઆ મસલત આપનાર તેવણના વડા પુતર સેઠ ખરસેદજી જમસેદજી તે મરહુમ સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટ સી. એસ. આઈ. હતા. પેહેલા બારોનેટના બેહેસત મુકામ થાવા પછી, આ નામીચા ખીતાબનો વારસો સેઠ ખરસે-દજી જમસેદજીને મલીઓ અને તે દંનથી એ નામદાર મરહુમ અકાબર, સર જમસેદજી જીજીભાઈને નામે ઓ-લખાવા લાગા. નામદાર ઉમરાવ સર જમસેદજી જીજી-ભાઈ પેહેલા બારોનેટના જીનતગુજીન થાવા બાદ તથા બારોનેટસીનો ખીતાબ મલીઆ પછી સર જમસેદજી (તે સેઠ ખરસેદજી) ઈ૦ સન ૧૮૬૦ ના મેએ મહી-નામાં વેલાત પધારીઆ અને નામદાર માહા રાણી વીકટોરીઆએ નામીચા ખીતાબોની નવાજેશ કરી સર જમસેદજીના કુટુંબનું સીર બુલંદીએ પોહોચાડીઉં, તેનો

ખુદ આભાર માની ઇંગલાંડની માહા પરતાપી બાનુના તાજો તખત આગલ પોતાનું શીર નમાવીઉં. હીંદુસથાન ખાતેના તે વખતના પરધાણ સર ચારલસ વુડે (લારડ હેલી ફેખસે) સર જમસેદજીની ભેટ, નામદાર રાણી અને તેણીના પાહાદશાહી કુટુંબ સાથ કરાવી, જેઓ હીંદી ઉમરાવની ચાલાકી, સરકરાજી અને બુલંદ સકતી જોઈ ખુશ થાયા અને અરસપરસ કીમતી હબીઆની ભેટ કરીઆમાં આવી. વેલાતના તથા યુરોપના રાજવઊંસી કુટુંબોમાં અને અમીર ઉમરાવો સાથ પોતા વીશે ઊંચુ મત બેસાડી તથા ઓલખ પીછાણ પાડી, સર જમસેદજી પાછા મુંબઈ આવીઆ. નામદાર કેસરે હીંદનો બીજો પુતર ડીઉક આફ એડીનબરો ઈ૦ સન ૧૮૭૦ માં મુશાફરી કરતો હીંદુસથાનની સરજમીન ઉપર આવીઓ તેસમે કલકતા ખાતે ભરાએલી મોટી દરબારમાં બીરાજવાને, હીંદુસથાનનાં નામદાર સુબા અને ગવરનર જેનરલે સર જમસેદજીને ખાશ ઈજન કરીઉં હતું. તીઆર પછી નામદાર ગવરનર જેનરલ લારડ નારથબરૂકે આગરા ખાતે મોટી દરબાર મેલવી, જેમાં નામવર વાઈસિરાએના ખાશ ઈજનથી, સર જમસેદજી પોતાના નેકબખત પુતરો સાથ બીરાજીઆ હતા. નામદાર રાણી વીકટોરીઆએ કેસરે હીંદનો ખીતાબ ધારણ કરીઓ તેની ખુશાલીમાં દીલહી ખાતે એક દબદબા ભરેલી દરબાર મેલવીઆમાં આવી હતી, જે દરબારમાં બીરાજવાને નામદાર ગવરનર જેનરલ લારડ લીટનના ખાસ ઈજનથી સર જમસેદજી પોતાના બેટાઓ સહીત પધારીઆ હતા

પણ રાહામાં હોનારત બનવાને લીધે એવણના બાંધાને જે આચકો લાગો તેમાંથી પાછી તનદરોસતી મેલવી સકીઆ નહી, અને નજદીક છ માસ સુધી અવારનવાર માંદગી ભોગવીઆ પછી, ઉપર જણાવેલા દીવસે પીયારો જાન પોતાના કીરતારને સવાધીન કરી માનોઈ જીહાંનમાં વાસો કરીઓછે.

મરહુમ નામદાર સર જમસેદજી જીજીભાઈ પેહેલા બારોનેટના મરણ વખતે, મુંબઈના જાણીતા લખનાર ડાક્ટર જારજ બીરડુડે, આ હીંદી ઉમરાવનો જે ટુંક હેવાલ વરતમાન પતર મધે લખીઓય તેમાં આ મુજબનો એક ફકરો આપીઓછે:—"સર જમસેદજીના મરણથી, પારસીઓએ પોતાનો પીતા, હીંદુસથાને પોતાનો એક માહા ધરમી બેટો, તથા ઈંગલાંડે પોતાનો એક નામીચો ઉમરાવ ખોયોછે." સદગુનના આ ટુંક પણ અસરકારક લેખ, જેવા મરહુમ હીંદી ઉમરાવ પેહેલા બારોનેટની યાદગારીમાં લખીઆમાં આવીઆય તે લેખ, મરહુમ બીજા બારોનેટ સાહેબને લાએક પરકારે લાગુ પડેછે.

૪૦ સન ૧૮૬૫—૬૬ માં મુંબઈ અંદર સેર સટાનું દીવાનાપણું ફેલાયું હતું, જે સબે સર જમસેદજીની દોલતનો મોટો ભાગ ઘસડાઈ ગીઓ હતો. મુંબઈના માજી ગવરનર રાઈટ આનરેબલ સર સીમોર ફીટજરલડે, સર જમસેદજીને મુંબઈ સરકારની ધારા બાંધનારી સભાના એક મેમબર ઠરાવીઆ હતા, જે સબે અગતનાં બીલો ઉપર

સારૂં નીઆન આપી અને તેમાં અકસીર કરી મુરદાં ઠેકા-
ણે પાડવાને લગતા ધારાની સાંમે મજબુત પરેટિસટ કરી
જરથોસતીઓની અછી સેવા બજાવી હતી. ઇ૦ સન
૧૮૭૩ માં મરહુમ સર જમસેદજીને "કમપાનીઅન
આફ ધી સટાર આફ ઇનડીઆ" નું માન નામદાર માહા
રાણીની સરકાર તરફથી આપીઆમાં આવીઉં હતું. બીજા
બારોનેટ સર જમસેદજીની જાહેરરાત સખાવત પોતાના
માન પાંમેલા પીતાના જેટલો ગણાતી નથી, તોએ તેવણની
આગેવાણીથી તથા હીમતથી જરથોસતીઓને તેમજ
બીજી ગગીઆતને મજબુત ટેકો હતો. આ ઉમરાવની
જાહેર સખાવત દોહોડ લાખ રૂપીઆની ગણાએચ તેમાં
દખાણ કાલેજ તેવણની સખાવતનો અછો સીંગાર આપે
છે. જે જાહેરરાત ગોઠવણોની હીલચાલ જરથોસતી ટોલા
વચ થાતી, તેમાં તેઓ સર જમસેદજીને પોતાના સરદાર
લેખે ગણતા હતા, અને આ હીંદી ઉમરાવથી તેઓનાં નેક
કાંમોમાં મજબુત ટેકો મલતો હતો. મુસલમાનોએ મ-
ચાવેલાં હુલડ વખતે, સતાવાલાઓ ઉપર પારસીઓએ
મોકલાવેલી માંગણીઓમાં મરહુમ સર જમસેદજી જીજી-
ભાઇએ તેઓની આગેવાની લીધી હતી તથા મુંબઈ સર-
કારની ઇતરાજી પોતા ઉપર ખેંચી લેવાની દરકાર ન કરતાં,
હમદીન ભાઇઓ માટે ઇનસાફ માંગવાની ઓસતવાર મ-
જબુતી બતલાવી હતી. યુરોપીઅનો વચે સર જમસેદ-
જીનો લાગવગ મોટો હતો અને એવણની હઇઆતીમાં
જેજે ગવરનરો થાઇ ગીઆચ તથા જે ગવરનર જેનરલો-

એ મુંબઈની મુલાકાત લીધાચ, તેઓ આ પારસી સરદાર-
ની ભેટ લેવાને પોતાની ફરજ સમજતા હતા.

સર જમસેદજીએ ઈંગરેજી એલમનું ગણીઆન પર-
થમ સરજન સાઈજના હાત હેઠલ લેવા મંડાન કરીઊં હતું
અને તીઆર પછી કાબેલ ઉસતાદોથી પાકી તાલીમ મેલ-
વી હતી. આ નામદાર ઉમરાવ, ઈંગરેજી જુબાનની અ-
છી માહીતગારી ધરાવતા હતા તથા રસીલ એબારતનું
સરસ લખાણ કરવામાં તેવણે સારી નામદારી મેલવી હતી.
મરહુમ સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટ કેટલાંક
વરસ સુધી મીસીઅરસ ફારબસની કુંo ની પેહેડીમાં એક
જુનીઅર કલારક દાખલ રેહેઆ હતા અને તેથી વેપાર
વનજમાં અછી માહીતગારી મેલવી હતી તથા પોતાના મા-
નવંતા પીતાની બેહોલી સોદાગરીમાં કીમતી મદદ કરી હતી.

હોદે ઉમરાવ સર જમસેદજી જીજીભાઈ પેહેલા બા-
રોનેટના ચાર ફરજંદોમાં સેઠ ખરસેદજી જમસેદજી વડા
પુતર હતા અને તેથી એવણને બારોનેટનો ઉમરાવી ખી-
તાબ મલીઓ હતો. બીજા પુતર સેઠ રૂસતમજી જમસે-
દજી જીજીભાઈ, કે જેવણનું નામ હાતમ સરીખી સખા-
વતોથી અમર રહીઊં છે, તેવણ બેહેસતમુકામ થાયા છે.
તરીજા પુતર સેઠ સોરાબજી જમસેદજી જીજીભાઈ તથા
નેક નામવર બેટી બાઈ પીરોજબાઈ હાલ હઈઆત છે જે-
ઓ લાંબી જીંદગી ભોગવી નામીચા ખાનદાનનાં નામને
જેબ દીએ એવી દુવા સરવે જરથોસતીઓ એક આવાજે
દીએ છે.

સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટનાં પેહેલાં ધણીઆંણીનું નામ બાઈ દીનબાઈ હતું, જેવણ ઈ૦ સન 1833 માં હક થાવાથી, સર જમસેદજી ઈ૦ સન ૧૮૩૫ ના નવેમબર મહીનામાં બાઈ રતનબાઈ તે હાલનાં ડાવેજર લેડી જમસેદજી સાથ પરણીઆ હતા. પેહેલાં ધણીઆંણી બાઈ દીનબાઈએ એક પુતરીનો જનમ આપીઓ હતો, જેવણ મરહુમ સેઠ ધનજીભાઈ બાટલીવાલાના પુતર સેઠ જીજીભાઈ સાથ પરણીઆં હતાં તેવણ બેહેસતમુકામ થાયાં છે. બાઈ રતનબાઈ તે લેડી જમસેદજીથી ઘણાક ફરજંદોનો જનમ થાયો હતો તેમાં તરણ પુતરો અને છ પુતરીઓ હાલ હઈઆત છે. વડા પુતર સેઠ માણેકજી ખરસેદજી જમસેદજી, જેવણ હાલ સર જમસેદજી જીજીભાઈ તરીજા બારોનેટના એલકાબથી બોલાવાએ છે તેવણ તા૦ ૩ જી મારચ ઈ૦ સન ૧૮૫૧ માં જનમીઆ છે અને હાલ તેવણની ઉમર છવીસ વરસની છે.

મરહુમ ઉમરાવ સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટ, ઘણીક વીદવાન અને વેપારી મંડલીઓના મેમબર હતા તથા કેટલુક મુદ્દત બોમબે આસોસીએસનના પરમુખ દાખલનો હોદો બજાવીઓ હતો. આ નામદાર ઉમરાવ, મુંબઈ બેંક તથા સરકારી સેવીંગ બેંકના ડીરેકટર, બોમબે યુનીવરસીટીના ફેલોજ અને મીઉનીસીપલ કારપોરેસનના મેમબર હતા. ઈ૦ સન ૧૮૪૨ માં એવણને નામદાર સરકારે જસટીસ આફ ધી પીસ ઠેરાવીઆ હતા.

હીંદી ઉમરાવ સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટ, દીલલી દરબારમાંથી પાછા ફરીઆ બાદ, તનદરોસતાની અશુખાકારીને લીધે બંગલે પધારીઆ હતા તથા કાબેલ તબીબોની મસલત લીધી હતી, પણ તીઆં પુરતી સુખાકારી ન મલવાને લીધે તા૦ ૨ જી જુન ૧૮૭૭ ને દીને પુણા ખાતે "ફાઉનટન હાલ" નાંમના પોતાના મેહેલમાં જઈ રેહેઆ હતા. પુણાના નામીચા વઈદોએ બનતા કોસેસથી આ નામદાર ઉમરાવની દવાઈ કરવા માંડી, પણ જલંદરના બુરા મરજે મજબુત જોર પકડીઉં હતું અને વલી જમ તઈઆર થાઈ ઉભો હતો, જેથી ઈનસાનુનો કસો ઈલાજ કારગાત લાગો નહીં. માંદગીનું જોર વધારે માલમ પડવાથી, સર જમસેદજીને મુંબઈ આવવાને તેવણના એમાવંદોએ સુચના કરી હતી, પણ સર જમસેદજીએ પુણામાંજ રેહેવાને પસંદ કરીઉં હતું, એટલુંજ નહીં પણ અગર બેહેશત મુકામ પામેતો તેવણના અસોર્વાનને તીઆનીજ ઠાલી આસાએસની જગીઆએ મેલવાની ખાએશ બતલાવી હતી. સર જમસેદજી પોતાના મરણની થોડા દીવસ આગમજ સુખાકારી મેલવતા જણાયાથી, તેવણના એસ કુટુંબીઓને ધીરજ આવી હતી અને તેવણનો અંતકાલ આવીઓચ એ ખીઆલ તેઓના દેમાગમાંથી એટલો દુર ગીઓ હતો, કે લેડી જમસેદજી તથા તેવણના વડા પુતર સેઠ માણેકજી મુંબઈ આવીઆં હતાં, પણ જાલમ જમે એટલી સીતાબી કરી કે લેડી જમસેદજી તથા તેવણના નેક બખત પુતર, આ નામદાર

ઉમરાવની એવી વખતની ભેટ લેવા પામીઆં નહીં.
તા૦ ૧૦ મી જુલાઈ સન ૧૮૭૭ ને મંગલવારને દંને
સાંહાંજના દરદે મજબુત જોર પકડવાથી, શ્રી પુણેથી ચભ-
ગટનો તાર મુંબઈમાં લેડી જમસેદજી ઉપર કરીઆમાં
આવીઓ. આ વખતે તેવણની માવજત કરનાર કાબેલ
તબીબોએ અનુમતથી જણાવીઉં કે આ હીંદી ઉમરાવની
જીંદગી ખતમ થાવાનો વખત નજદીક આવીઓછે. લેડી
જમસેદજી તથા તેવણના વડા પુતર સેઠ માણેકજી, સેઠ
ખરસેદજી ફરદુનજી અને બીજા ખેસાવંદો તા૦ ૧૧ મા
જુલાઈને બુધવારને દંને મુંબઈથી ઉપડતી ટરેનમાં ચહ-
ડતા પોહોરના દસ કલાકે પુણે જવાને નીકલીઆં, મગર
સર જમસેદજી ચહડતા પોહોરના અગીઆર કલાકને સુ-
મારે બેહેસતમુકામ થાયા, જેથી લેડી જમસેદજી અને તે-
ઓના ખેસાવંદો પુણે જાઈ પુગાં તીઆં સુધી તેઓને આ
નામદાર ઉમરાવના ગુજરવાની ખબર પડી હતી નહીં. આ
ટરેન પુણા ખાતે પાછલા પોહોરના સાડાપાંચ કલાકે સુ-
રેસતા મુજબ પોંહોંચવી જોઈએ, પણ રાહામાં બીજી ટ-
રેનને અકસમાત બનવાના સબબે, આ ટરેન રાતના સાડા-
સાત કલાકે પુણે પુગી હતી. પુણાના ઈસટેસન ઉપર આ-
નરેબલ મી૦ ગીબસ, ખાનબાહાદુર પદમજી પેસતનજી,
આનરેબલ સેઠ સોરાબજી સાપુરજી બંગાલી અને બીજા ઘ-
રસથો આ નામવર લેડીને દીલાસો દેવાને હાજર થાયા હતા.

સર જમસેદજીના અસો રવાનને મુંબઈ લાવવાને અ-
તરેના જરથોસતીઓ તરફથી તારના સંદેસા પુણા ખાતે

આના કરીઆ હતા, તેમજ આ અસો ખાનને મુંબઈ લાવવાને પુણા ખાતે કેટલીક ગોઠવણ કરીઆમાં આવી હતી. સર જમસેદજીના ખાનને મુંબઈ લાવવાનો વીચાર છે, એવી ખબર રેલવે કંપનીના ટરાફીક મેનેજર મી૦ કાનડરને જબલપોર ખાતે પડવાથી, એ અમલદારે એક ખાસ ટરેન તઈઆર કરાવી હતી તથા તે ઉપર પારસી ડરાઈવર અને પારસી ગારડ રાખવાનો અને પારસી સીવાએ કોઈ પણ જુદદીન વાલાને તેમાં નહી લેવાનો મજબુત હુકમ આપીઓ હતો તથા આ નામદાર ઉમરાવના અસો ખાનને પુર ઈજ્જત અને માનથી લેઈ જવાને બની આવે એ મુજબની સઘલી પરકારની મદદ આપવાને ઈસ્ટેસનના અમલદારોને તાકીદ કરી હતી. જે ગાડી આ નામદારના અસો ખાનને લાવવા રાખી હતી, તેમાં રેતી વઠીક નાખી તઈઆર કરી હતી, પણ લેડી જમસેદજીના પુણે પોંહોંચવા બાદ નકી ઠેડાવ કરીઆમાં આવીઓ કે સર જમસેદજીના અસો ખાનને પુણેજ અવલમંજલ પોંહોંચાડવું, કેમકે સર જમસેદજીએ પોતાની હઈઆતીમાં એ મુજબની ખાએસ બતલાવી હતી. આ મુજબનો ઠેડાવ થાવાથી અતરેના કેટલાક જરથોસતી સાહેબો, આ નામવરના ઉઠમણાની કીરીઆમાં સાંમેલ થાવાને પુણે પધારીઆ હતા. મરહુમ સર જમસેદજીના ઓટલા તથા ઉઠમણાની કીરીઆ પુણે તથા મુંબઈમાં થાઈ હતી, તેનો હેવાલ પાછલા ભાગમાં આપીઆમાં આવીઓ છે.

આ નામીચા ઉમરાવના મરણના સમાચાર વી-

જલીના કામથી પોહોચતાં વાર, સરવે ગણીઆનના લોકો વચે ગમગીનીનો ફેલાવો થાયો, તેમાં અકસીર કરી જરથોસતીઓએ પોતાના આગેવાન સરદારના ખોવાથી તેઓનાં જીગર દરદમંદ થાયાંચ, કારણ આવા નામીચા નરની જગીઆ સેહેલાઈથી પુરવી મુસકેલચ. મરહુમ ઉમરાવ સર જમસેદજીના વડા પુતર સેઠ માણેકજી અરસેદજી જમસેદજીને બારોનેટનો ખીતાબ મલીઓચ અને એ જવાન સેઠ હવેથી સર જમસેદજી જીજીભાઈ તરીકન બારોનેટના નામથી ઓલખાએ છે. હાલ સેઠ માણેકજી બરસેદજીની ઉમર છવીસ વરસની ગણાએછ. સરવે જરથોસતીઓ એક અવાજે તે કીરતારની જનાબમાં અરજ ગુજારી કરેચ, કે આ જવાન સેઠ પોતાના નામાકીત બાપ બપાવાની નેકનામી તથા કીરતીના સાહેબો ઓની તેઓના સદગુનના મારગે ચાલે, અને જરથોસતી ટોલાના બારકસનું સુકાન હાત ધરી, તેઓની સરદારી બારી લાએકીથી ચલાવવાને લાંબી જીંદગી ભોગવે. મરહુમ ઉમરાવના મરણની દલગીરીમાં મુંબઈના સઘલા પારસી તેમજ હીંદુ અને મહમદીઅન દુકાનદારોએ તથા વેપારીઓએ પોતાનો ધંધો રોજગાર બંધ કરીઓ હતો. તેમજ સરકારી ગોદી, રેજીસટરાર આફીસ, સેર બજાર, કાપડ બજાર તથા માંડવી તરફના બજારો અને મીશીઅરશ ડીમીંગટન અને ફારબસ કું૰ ઓની પેહેડીઓ તથા સઘલી નીશાલો બંધ રાખીઆમાં આવી હતી, તેમાં સર જમસેદજી જીજીભાઈ પારસી બેનેવોલેંટ ઈનસટીટીઊસન

વાલું ખાતું ચાર દીવસ બંધ રહેલું હતું. મુંબઈમાં પરગટ થાતાં તરણકે રોજંદાં ગુજરાતી પતરોના કારખાના બંધ થાયાં હતાં. અતરેની સઘલી બેંકોએ તા૦ ૧૨ મીને દને આ નામદાર ઊમરાવના મરણની દલગીરીમાં અરધો દીવસ પોતાનો વહીવટ બંધ રાખીઓ હતો. પારસી ચીફ મેટરીમોનીઅલ કોરટના બીરાજતા જડજ આનરેબલ મી૦ જસટીસ મેલવીલ તરફથી હેરલ જણાવીઆ મુજબનું હોકમનામું બાહેર પાડીઆમાં આવીઉં હતું:—

"મરહુમ સર જમસેદજી જીજીભાઈ બારોનેટ સી. એસ. આઈ. ના મરણના માન ખાતર, ચાલતા મહીનાની તા૦ ૧૪ મી અને સનીવારે મલનારી મુંબઈની પારસી ચીફ મેટરીમોનીઅલ કોરટ બંધ રાખવાને એ કોરટના બીરાજતા જડજ આનરેબલ મી૦ જસટીસ મેલવીલે હુકમ કરીઆ છે."

તા૦ ૨૧ મી જુલાઈ સને ૧૮૭૭ અને સનીવારને દને મુંબઈની પારસી ચીફ મેટરીમોનીઅલ કોરટ મધે નોધાએલા એક મુકદમાનો ફેસલો થાવા પછે એ કોરટના નામદાર જડજ આનરેબલ મી૦ જસટીસ મેલવીલે બીરાજેલા ડેલીગેટોને કહી સંભલાવીઉં કે પારસી ટોલાના નામદાર સરદાર સર જમસેદજી જીજીભાઈના મરણથી એ ટોલાને જે મોટો ટોટો ખમવો પડીઓચ તે માટે હું દલગીર છું તથા તેઓને જે સંતાપ ઉપજીઓચ તેમાં મારી તરફની દીલસોજી બતલાઉં છું. પારસી ટોલાના દુઃખ ભરીઆં સંતાપમાં નામદાર જડજે દલગીરી તથા દીલસો-

જીના સખુનો કહી સંભળાવી, અને નામવર મરહુમ સરદારના મરણ વખતે માનની ઈંધાણી બતલાવવાને પોતાની કોરટ બંધ રાખી, પારસી ટોલા ઉપર જે આભાર કર્યો તે બાબે આ નામદાર જડજનો ઉપકાર, ડેલીગેટો તરફથી આનરેબલ સેઠ સોરાબજી સાપુરજી બંગાલીએ વાલીઓ હતો.

મુંબઈનો નામદાર ગવરનર સર રીચરડ ટેમપલ, કાઉનસીલમાં બીરાજેલો હતો, તે વેલા સર જમસેદજીના દુખ ભરીઆ મરણની ખબર પડતાંજ, એ નામવર હાકેમે એક દીલાસા પતર લેડી જમસેદજી ઉપર લખી આ ઉમરાવના મરણની ગમગીની બતલાવી હતી.

શ્રી પુણા મધે સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટના રવાનને અવલમંજલ પોંહોંચાડવાને મલેલી મીજલસ.

રોજ છવીસમો આસતાદ માહા દસમો દેએ સને ૧૨૪૬ ઈઅજદેજરદી, તા૦ ૧૨ મી જુલાઈ ઈ૦ સન ૧૮૭૭ ને બરેસપતવારને રોજે સવારના આઠ કલાકે સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટના રવાનને અવલ મંજલ પોહોચાડવાનો ડેડાવ થાયો હતો. રાજ કરતાઓએ પોતાનો એક નામીચો ઉમરાવ અને મસલત આપનાર, જરથોસતીઓએ પોતાનો રોશન તાલેનો સરદાર તથા બીજી કોમોએ પોતાનો ખેરખા મીતર ખોયો, જેથી આદ-

નાથી આળા આખી આલમ ગમગીનીમાં ગીરફતાર થાઈ હતી. એ રોજે સવારના સર જમસેદજી વાલા "ફ્રાઊનટન હાલ" નામના મેહેલમાં એક દબદબા ભરેલી મજલસ મલી હતી, જેમાં પુણા સેહેરના સરવે જરથોસતીઓ અને મુંબઈ તથા બીજા સેહેરોથી પધારેલા સાહેબો બીરાજીઆ હતા. એટલુંજ નહીં પણ પુણા સેહેરની સઘલી કોમનાં લોકો આ નામદાર ઊમરાવને છેલું માન દેવાને સામેલ થાયા હતા. કીરીઆનું કામ પુરૂ થાવા પછે, સર જમસેદજીના રવાનને છેલી આસાએસની જગીઆએ લેઈ જાવાને જે મજલસ મલી હવી તેવી મોટી અને દબદબા ભરેલી મજલસ પુણા સેહેરમાં કોઈ વખતબી મલી હોએ એવું તીઆની વસતીના લોકો એકે આવાજે ના પાડેછે. સર જમસેદજીના અસો રવાન પાછલ શ્રી પુણા સેહેરનાં બે બુજરોગ દસતુરો તથા નામદાર મરહુમ ઉમરાવના તરણડે સાહેબજાદાઓ, ખાનબાહાદુર પદમજી પેસતનજી, મુંબઈનાં સેરીફ સેઠ ખરસેદજી ફરદુનજી પારખ, આનરેબલ સેઠ સોરાબજી સાપુરજી બંગાલી, સેઠ અરદેસર હોરમજજી વાહાડીઆ, સેઠ અરદેશર ખરસેદજી ફરદુનજી, સેઠ સોરાબજી જમસેદજી જીજીભાઈના સાહેબજાદાઓ, સેઠ સોરાબજી નવરોજી વાડીઆ, સેઠ નવરોજી માણેકજી વાહાડીઆ, સેઠ નસરવાનજી બેરામજી સેક્રેટરી, સેઠ સાપુરજી જીવાજી, સેઠ ડોસાભાઈ ધનજીભાઈ સુરતી અને એવો સાથ પુણાની આખી અનજુમન મલી હતી. જરથોસતીઓથી થોડે છેટે, દખણના નામીચા સરદારો તથા

સરકારનો ઓર્ગીએનટલ ટ્રાંનસલેટર સેક વીનાએક વાસો-
દેવ, આનરેબલ મહમદ અલી રોગે, નામદાર આગાખા-
નના સાહેબજાદાઓ, સર દેવીડ સાસુનના બેટાઓ તથા
બીજા હીંદુ અને મુસલમાન ધરમથો ચાલીઆ હતા.
મુંબઇનો નામવર ગવરનર સર રીચરડ ટેમપલ, કાઉનસી-
લનો વડો મેમબર આનરેબલ મી૦ ગીબસ, મુંબઈ ફો-
જનો સેનાધીપતી સર ચારલસ સ્ટેવલી, નામદાર ગવરનર
અને સેનાધીપતીના રસાલાના અમલદારો, પુણા ડીવીઝ-
નનો કમાનડર મેજર જેનરલ હીઉવેટ, કરનલ મેકડોનલડ,
મી૦ જી. નારમન, કાપતાન બેબીંગટન અને બીજા ગા-
મખાતાંના તથા લસકરી ખાતાંના અમલદારો આ શોગ
ભરી મજલસમાં સામેલ થાયા હતા. "ફાઉનટન હાલ"
ના મેહેલથી તે આગ્યા ચોગી રસતા ઉપર લોકોનાં ટોલે
ટોલાં, આ હીંદી ઉમરાવને છેલું માન દેવાને જમાવ થાયાં
હતાં અને સરવેના ચેહેરા, આ દુઃખદાએક મરણથી ઉા-
દાસ ભરીઆ દીસતા હતા. સર જમસેદજી વાલા દરમે-
હેર તરફથી થાઈ સદર બજારના ચોગી રસતે સર જમસે-
દજીનાં અસો રવાનને અવલમંજલ પોંહોંચાડીઆમાં
આવીઉ, જે રસતાનાં સઘલા ઘરોનાં બારણા, બારીઓ
અને છાપરાં વગેર ગીચ માણસોથી ભરાઈ ગીઆં હતાં.
આવી મોટી ઠઠ વચે મી૦ ટરેનના સવાધીનમાં પોલીસનો
બદોબસત રખાીઆમાં આવીઓ હતો. પાએદસની મા-
જલસ પાછલ મરહુમ ઉમરાવ સર જમસેદજી જીજીભાઈ,
મુંબઈના નામદાર ગવરનર તથા તેના રસાલાના અમલ-

દારો. મુંબઇના નામવર સેનાધીપતી, આનરેબલ મી૦ ગી-બમ, કરનલ મેકડોનલડ, મી૦ જી. નારમન, લેડી સાસુન, અને ગામખાતાંના તથા લશકરી ખાતાંના બીજા ઘણાક અમલદારોની ગાડીઓની હાર ધીમેધીમે ચાલી હતી. સર જમસેદજીનાં અશો રવાનને શ્રી પુણા સેહેરના જર-થોસતી અનજુમને બંધાવેલાં દોખમામાં ચહડાવીઆમાં આવીઊ છે. સર જમસેદજીનાં દુઃખ ભરીઆં મરણની દલગીરી બતલાવવાને તથા ડાવેજર લેડી જમસેદજી અને તેવણના સાહેબજાદાઓને દીલાસો દેવાને દખણના સર-દારો અને અમલદારો તથા બીજા નામીચા ઘરસથો "કાઉનટન હાલ" વાલા મેહેલમાં પધારીઆ હતા. સર જમસેદજીના મરણની દલગીરી બતલાવવાને સરવે જર-થોસતીઓએ અને તેમજ બીજી ગણીઆતના વેપારી તથા ધંધાદારીઓએ ધંધો રોજગાર બંધ કરીઓ હતો.

શ્રી પુણા મધે મલેલી ઊઠમણાની મીજલસ.

મરહુમ હીંદી ઉમરાવ સર જમસેદજી જીજીભાઇના મરણની તરીજા દીવસની યાને ઉઠમણાની કીરીઆ શ્રી પુણા મધે થાઇ હતી, જે કીરીઆમાં સામેલ થાવાને મુંબઇથી સેઠ બેરામજી જીજીભાઇ સી. એસ. આઇ, સેઠ દાનસાજી માણેકજી પાટીટ અને બીજા ઘરસથો પધારી-આ હતા. આ મીજલસમાં પુણાના સરવે બેહેદીન તથા

અથોરનાન સાહેબો બીરાજીઆ હતા, જેથી એ વખતની મીજલસ પણ દબદબા ભરેલી બની હતી. ક્રીરીઆનું કામ પુરૂં થાવા પછી, પુણાના જરથોસતીઓના ધરમખાતાંઓ માટે રૂ૧૦૦૦ ની રકમ આપવાની તનદેરોસતી ભણાવીઆમાં આવી હતી.

મુંબઈમાં મલેલી ઊઠમણાની મીજલસ.

મરહુમ ઉમરાવનાં ઉઠમણાની મીજલસ મુંબઈમાં એ નામવરના મજગામ ખાતેના "મજગામ કેસલ" નામના મેહેલમાં ભરીઆમાં આવી હતી, જેમાં સામેલ થાવાને મરહુમ સરદારના વડા પુતર સેઠ માણેકજી ખરસેદજી તે સર જમસેદજી જીજીભાઈ તરીજા બારોનેટ, સેઠ ખરસેદજી ફરદુનજી પારખ, સેઠ સોરાબજી નવરોજજી વાહાડીઆ, સેઠ નવરોજજી માણેકજી વાહાડીઆ, સેઠ ડોસાભાઈ ધનજીભાઈ સુરતી, સેઠ નશરવાનજી બેરામજી સેક્રેટરી, અને બીજા સાહેબો પુણેથી આવીઆ હતા. જરથોસતીઓની વસતીના સુમાર મુજબ પુણા થાને મુંબઈમાં મલેલી ઉઠમણાની મીજલસ અતી મોટી હતી. આ મીજલસમાં નજદીક છ હજાર જરથોસતીઓ સામેલ થાયા હતા. ઉઠમણાની ક્રીરીઆ થાઈ રેહેવા પછી દસતુરજી સાહેબ પેસોતનજી બેરામજીએ મરહુમ ઉમરાવના નેક કામોની લંબાંનથી સતુતી વાંચી સંભલાવી હતી અને તીઆર બાદ એવી દરખાસત કરી કે મરહુમ ઉમરાવનું

નામ કીઆ મારગોના કામમાં લેવું. આ દરખાસતને અનજુમન તરફથી કબુલ રાખીઆમાં આવી. એ બાદ સેઠ માણેકજી ખરસેદજી જમસેદજીએ એક અનજુમન ખબર વાંચી તે મધે એવું જણાવીઊં કે મરહુમ ઉમરાવના ફંડમાંથી રૂ૭૦૦૦ ની રકમ પંચાએત ફંડના ટરસટી સાહેબોના સવાધીનમાં આપીઆમાં આવસે તથા એ ફંડનો ઉપીઓગ સી પરકારે કરવો તે ડાવેજર લેડી જમસેદજીના પુણેથી આવીઆ પછી જણાવીઆમાં આવસે.

પુણા અને મુંબઈ ઉપરાંત કલકતા, સુરત, નવસારી, ભરૂચ, કલીઆણી, વલસાડ, વડોદરા અને બીજાં સેહેરોમાં મરહુમ હીંદી ઉમરાવના ઉઠમણાની કીરીઆ થાઈ હતી તથા ધરમખાતાંઓમાં તીઆંની અનજુમનો તરફથી નાણાંની રકમો ભરીઆમાં આવી હતી.

સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટની યાદગારી કાએમ રાખવાનો વીચાર કરવા માટે મલેલી સભા.

મરહુમ હીંદી ઉમરાવ સર જમસેદજી જીજીભાઈ બીજા બારોનેટ સી. એસ. આઈ. ની યાદગારી કાએમ રાખવાના ઉપાએઓ લેવા માટે, તા૦ ૧૮ મી જુલાઈ સને ૧૮૭૭ અને બુધવારને દને પાછલા પોહોરના પાંચ કલાકને અમલે, એ નામદારના મીતરોની એક સભા, ધોબી તલાવને નાકે ફરામજી કાવસજી ઈનસટીટીઉટ વાળાં દીવાનખા-

નામાં મલી હતી, જે વેલા યુરોપીઅન, પારસી, હીંદુ અને મુસલમાન ગણીવાતના ઘણાક જાણીતા ઘરસથો ભાગ-લીઆ હતા. સેઠ ડોસાભાઈ ફરામજી સી. એસ. આઈ. એ દરખાસત કીધી, કે સર ફરાંક સુટર નાઈટ સી. એસ. આઈએ સભાપતીની ખુરસીએ બીરાજવું. આ દરખાસતને સેઠ દીનસાજી માણેકજી પીટીટે ટેકો આપીઆથી, સર ફરાંક સુટરે ચરનસીનની ખુરસી લીધા બાદ, સભા બોલાવવા માટે જે ચોઠીઓ વેહેંચીઆમાં આવી હતી તે વાંચી સંભલાવીઆ પછે, એવી દરખાસત કરી કે મર-હુમ બારોનેટની યાદગારી કાએમ રાખવા માટે, મુંબઈના રેહેવાસીઓની એક જાહેર સભા બોલાવવાને મુંબઈના સે-રીફ ઉપર એક અરજ પતર રવાના કરવાને જે તઈઆર કરીઆમાં આવીઉંચ તે હું હાલ તમો હજુર વાંચી સં-ભલાઉંચ અને તે બાહાલ રાખી તે ઉપર બીરાજેલા ઘરસથોએ સહી કરવી. આ અરજ પતરની મતલબ હેઠલ મુજબ છે.

મુંબઈના સેરીફ જોગ,

"સાહેબ—મુંબઈના હમો હેઠલ સહી કરનાર રેહેવાસી-ઓ, તમોને અરજ ગુજારીએચ કે મરહુમ સર જમસેદ-જી જીજીભાઈના મરણથી આ સેહેરને જે ટોટો ખમવો પડીઓચ તે બાબે વીચાર કરવાને, તથા તેવણની યાદ-ગારી કાએમ રાખવાના ઉપાએઓ લેવાને રેહેવાસીઓ-ની જાહેર સભા, બનતી જોગવાઈએ ઉતાવલેથી બોલા-વવાની મેહેરબાની કરવી."

આ દરખાસતને સેઠ ફરામજી નસરવાનજી પટેલે ટેકો આપી અનુમતે બાહાલ રાખીઆમાં આવી હતી.

મી૦ આર. બોમબેકે બીજી દરખાસત કરી, કે જાહેર સભાની દરખાસતો તઈઆર કરવાને, તથા તે લગતી બીજી સઘલી અગત જોગ ગોઠવણો કરવાને, હેઠલ જણાવેલા ગ્રહસથોની એક કમીટી નેમવી:—

સર ફરાંક સુટર નાઈટ સી. એસ. આઈ., સેઠ ફરામજી નસરવાનજી પટેલ, સેઠ દીનસાજી માણેકજી પીટીટ, આનરેબલ મહમદ અલી રોગે, ડાકટર ટી. બલાની, સેઠ બરજોરજી માણેકજી ફરાક, મી૦ જે જેકરસન, સેઠ ડોસાભાઈ ફરામજી સી. એસ. આઈ., સેઠ વરજીવણદાસ માધવદાસ, સેઠ રઘુનાથ નારાએણ ખોટે, સેઠ નાનાભાઈ બેરામજી જીજીભાઈ અને સેઠ પીરોજશાહ મેરવાનજી મેહેતા.

આ દરખાસતને સેઠ વરજીવણદાસ માહાધવદાસે ટેકો આપી અનુમતે બાહાલ રાખીઆમાં આવી હતી.

આ પછે આનરેબલ મી૦ ગીબસ તથા મી૦ ઈ. ડી. સાસુન તરફથી આવેલા પતરો સભા હજુર વાંચી સંભલાવીઆમાં આવીઆ, જે મધે મરહુમ સર જમસેદજીની યાદગારી માટે જે ઉપાએઓ લીધામાં આવે તેમાં સામેલ થાવાની ઇછા તેઓએ બતલાવી હતી.

એવટે પરનસીનનો ઉપકાર માની સભા બરખાસત થાઈ હતી.